# BANAS SAINIK SCHOOL

(Under the aegis of Sainik School Society,
Ministry of Defence, New Delhi)
www.banassainikschool.org 6355317576 banassainikschool@gmail.com
Moriya, Palanpur, Dist-Banaskantha, Gujarat-385001

જાવક નંબર – બીએસએસ/સ્થળ ફેરફાર/૨૦૨૬-૨૭/૫૬ તા. ૨૦/૦૭/૨૦૨૬

પ્રતિ,
પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ,
બેચરપુરા,
પાલનપુર – ૩૮૫૦૦૧

**વિષય : બનાસ સૈનિક સ્કૂલનું સરનામું ફેરબદલ કરવા બાબત**

માનનીય સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિઝન મુજબ ભારતમાં ૧૦૦ નવી સૈનિક સ્કૂલ સ્થાપવાની હોઇ તેમજ વડાપ્રધાનના સૂચન અનુસાર, સરહદી જિલ્લાના દૂધ ઉત્પાદકો તથા પશુપાલકોના બાળકોને યોગ્ય શિક્ષણ અને તેમનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી બનાસ ડેરીના ચેરમેનશ્રીના માર્ગદર્શન હેઠળ ઓગસ્ટ-૨૦૨૩માં મોરિયા, ગુજરાત ખાતે નવી સંરક્ષણ મંત્રાલય ભારત સરકાર સંલગ્ન પી.પી.પી. મોડેલની બનાસ સૈનિક સ્કૂલ શરૂ કરી હતી.

બનાસ સૈનિક સ્કૂલની શરૂઆત ગુજરાત રાજ્ય સરકારશ્રીની મંજૂરીના અંતર્ગત પત્રક્રમાંક નંબર જે-૯/શિક્ષણ/ખાનગીશાળા મંજૂરી/વશી/૨૬૫૮/૨૦૨૨ તા.૧૩/૦૬/૨૦૨૨ હેઠળ ધોરણ-૬ થી ૮ માટે કરવામાં આવી હતી.

સૈનિક સ્કૂલ સોસાયટી, નવી દિલ્હી દ્વારા બનાસ સૈનિક સ્કૂલની મંજૂરી તા. ૨૬/૦૫/૨૦૨૩ના રોજ મળી હતી જેનો રજીસ્ટ્રેશન નંબર SNKLP001091421 છે.

હાલમાં બનાસ સૈનિક સ્કૂલ બનાસ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, મોરિયા ખાતે હંગામી ધોરણે ચલાવવામાં આવી રહી છે. જેને ઓગસ્ટ-૨૦૨૬માં તેના નવા કેમ્પસ સર્વે નંબર-૬૫, મુ. પો. મોરિયા ખાતે સ્થળાંતર કરવાનું છે. જ્યાં બનાસ સૈનિક સ્કૂલનું બાંધકામ લગભગ ૪.૫ એકરની જમીન પર પૂર્ણતાના આરે છે. આ કેમ્પસમાં હવા ઉજાસ વાળા વર્ગખંડો, વિભિન્ન લેબોરેટરીઓ, લાઇબ્રેરી, રમત-ગમતનું મેદાન, રહેઠાણ માટે હોસ્ટેલ સ્ટાફ ક્વાટર જેવી સી.બી.એસ.ઇ ગાઇડલાઇન મુજબની અધ્યતન સુવિધાઓ છે.

Continue......

૨૫/૭/૨૬
રવાનગી કારકુન
જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ,
બનાસકાંઠા, પાલનપુર.

Manager
Banas Sainik School
Palanpur Dist: Banaskantha

Principal
Banas Sainik School
Palanpur Dist: Banaskantha

Scanned with OKEN Scanner
Scanned with OKEN Scanner

# BANAS SAINIK SCHOOL

(Under the aegis of Sainik School Society,
Ministry of Defence, New Delhi)
www.banassainikschool.org 6355317576 banassainikschool@gmail.com
Moriya, Palanpur, Dist-Banaskantha, Gujarat-385001




હાલમાં સી.બી.એસ.ઇ. બોર્ડ એફીલીએશન માટેની પ્રક્રિયા ચાલુ છે અને તેની ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧/૦૭/૨૦૨૬ છે. આ પ્રક્રિયા પૂર્વે શાળાનું સરનામું બદલવું અનિવાર્ય છે. સરનામું બદલવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં સ્થળ ફેરબદલ માટે મંજૂરી મેળવવી જરૂરી છે.

સદર બાબતે આપશ્રીની મંજૂરીની આવશ્યકતા હોઇ અમો સંબધિત કાગળો તથા જરૂરી દસ્તાવેજો રજૂ કરીએ છીએ તો બનાસ સૈનિક સ્કૂલના સ્થળ ફેરબદલની અરજી સ્વીકારી, શાળાના સરનામું ફેરબદલ બાબતે સત્વરે કાર્યવાહી કરવા વિનંતી છે.

આભાર સહ,

PRINCIPAL
BANAS SAINIK SCHOOL

Principal
Banas Sainik School
Palanpur Dist: Banaskantha

DIRECTOR
BANAS SAINIK SCHOOL

Col Satish Vatsa
Director
Banas Sainik School

SAINIK SCHOOL BANAS Dist: Banaskantha * PALANPUR *

Manager
Banas Sainik School
Palanpur Dist: Banaskantha

Principal
Banas Sainik School
Palanpur Dist: Banaskantha

Scanned with OKEN Scanner

Scanned with OKEN Scanner